જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૨/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૮,૧૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૫૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૫૯/૨૦૨૬**

એલીસબ્રીજઃ મિહીરભાઇ નિતેષભાઇ સોની (ઉ.વ.૨૮)(રહે.અપુર્વમ બી. દેસાઇ ગ્રુપ, વંદે માતરમ રોડ, ગોતા) એ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે એપ્રીલ/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ રંગોલી કોમ્પલેક્ષ ખાતે આરોપી કલ્પેશભાઇ ઝાલા તથા તુષાર ઠક્કર એ ભેગા મળી લોન મંજુર કરાવી આપવાના બહાને મિહીરભાઇ સોની પાસેથી કુલ રૂપિયા ૬૨,૧૨,૬૪૬/– મેળવી લઈ, લોન મંજુર નહી કરાવી મિહીરભાઇ સોની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ડોડીયા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ ચૈતન્ય શચીન્દ્રકુમાર ચંદેલ (ઉ.વ.૫૩) (રહે. રુન્દ્રપ્રયાગ ટાવર, રામદેવનગર ચાર રસ્તા, સેટેલાઇટ) એ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૨/૨૫ થી તા.૧૦/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ચૈતન્ય ચંદેલના પિતાજીને ટેલીકોમ ડિપાર્ટમેન્ટનુ નામ આપીને અજાણ્યા વ્યક્તિએ નોર્મલ કોલ કરીને “તમારા મોબાઇલ નંબર ઉપર વધુ પડતી કમ્પલેઇન છે” તેવુ જણાવીને સીબીઆઇ બોમ્બેના ઓફિસર પ્રદિપકુમાર નાઓનુ નામ જણાવી મોબાઇલ નંબર ૯૦૮૫૦૩૧૭૩૫ થી વ્હોટ્સઅપ વિડીયો કોલ કરી, “પકડેલ આરોપીના ખાતામાંથી તમારા એકાઉન્ટમાં વીસ લાખનુ ટ્રાન્જેક્શન આવેલ છે” તેવુ જણાવીને કોર્ટ રૂમમાં જજ સાહેબ સામે વિડીયો કોલમાં વાત કરાવીને જેમા જજ સાહેબ નાઓએ કુલ ૨૭ જેટલા કેસ હોવાનુ જણાવીને ચૈતન્ય ચંદેલના પિતાજીને ડરાવી ધમકાવીને એફ.ડી તોડાવીને રીઝર્વ બેંકમાં ચેક કરાવવાનુ જણાવી અલગ–અલગ બેંક એકાઉન્ટમાં આર.ટી.જી.એસ. થી રૂપિયા ૪૨,૫૦,૨૪૨/– મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૬૦/૨૦૨૬**

ઓઢવઃ પરેશભાઈ દિલીપભાઈ ડોડીયા (રહે. વલ્લભનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે, ઓઢવ) એ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ ગોપાલ એસ્ટેટમાં શેડ નંબર ૧૨, ૧૩ "અમુલ સ્કેલ" નામના પરેશભાઈ ડોડીયા નાઓના કારખાનામાં કામ કરતી અજાણી વ્યક્તિએ કારખાનામાંથી ચીજવસ્તુઓ અને પરચુરણ સામાન કુલ કિંમત રૂપિયા ૭૩,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૬૧/૨૦૨૬**

ખોખરાઃ ખોખરા સીટીએમ રાધાક્રિષ્ણ વિભાગ–૪ ખાતે આવેલ પોતાના સબંધીના મકાનમાં રહેતા સૌરભકુમાર દિનેશભાઇ પાંડે (ઉ.વ.૨૦)(મુળ રહે. બિહાર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૨૦૨૬ સાંજના ૭/૧૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશ્વિનભાઇ ગંગદાસભાઇ ચલાવે છે.

રામોલઃ ફારૂકઅલી સ/ઓ રસુલઅલી સૈયદ (ઉ.વ.૩૫)(રહે.સૈયદવાળો રામોલ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૨/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્ર મોરે ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી